## Murtimā Raheene Neerkhee E Re

મૂર્તિમાં રહીને નીરખીએ રે, શ્રીજી અમ શિરતાજ રે;

Murtimā raheene neerkhee e re, Shreeji am shirtāj re,

આત્યંતિક મોક્ષના દાતા પ્રભુજી,

Ātyantik moksh nā dātā prabhujee,

સુખ આપો મહારાજ રે...ટેક

Sukh āpo Mahārāj re…(chorus)

સર્વાંગે પ્રભુજી શોભતા રે, શ્રીજી અમ શિરતાજ રે;

Sarvānge prabhujee shobtā re, Shreeji am shirtāj re,

મસ્તકે મુગટ ધાર્યો પ્રભુજી,

Mastake mugat dhāryo prabhujee,

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૧

Sukh āpo Mahārāj re…murtimā…(1)

ભાલ વિશાળમાં તેજ ભર્યું રે, શ્રીજી અમ શિરતાજ રે;

Bhāl vishārmā tej bharyu re, Shreeji am shirtāj re,

ભ્રકુટી નયનમાં કામણ પ્રભુજી,

Bharkutee nayanmā kāman prabhujee

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૨

Sukh āpo Mahārāj re…murtimā…(2)

જ્યોતિ કપોળે ઝળહળે રે, શ્રીજી અમ શિરતાજ રે;

Jyoti kapore jharhare re, Shreeji am shirtāj re,

નાસા નિકટ છે તિલ પ્રભુજી,

Nāsā nikat chhe til prabhujee,

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૩

Sukh āpo Mahārāj re…murtimā…(3)

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com

## Shree Harignanamrut Kavya Amrut Bindu 1

હાસ્યભરી મુખચંદ્રમા રે, શ્રીજી અમ શિરતાજ રે;

Hāsyabharee mukhchandramā re, Shreeji am shirtāj re,

કંઠ ચિબુકને જોઉં પ્રભુજી,

Kanth chibukne jou prabhujee,

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૪

Sukh āpo Mahārāj re…murtimā…(4)

જરકશી જામો શેલું સુરવાલ, શ્રીજી અમ શિરતાજ રે;

Jarkashee jāmo shelu survāl, Shreeji am shirtāj re,

કંઠે સુવર્ણ પુષ્પ હાર પ્રભુજી,

Kanth suvarna pushpa hār prabhujee,

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૫

Sukh āpo Mahārāj re…murtimā…(5)

ચરણે તોડા ને સાંકળાં રે, શ્રીજી અમ શિરતાજ રે,

Charane todā ne sānkarā re, Shreeji am shirtāj re,

રક્ત તળામાં ચિહ્ન પ્રભુજી,

Rakta tarāmā chihn prabhujee,

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૬

Sukh āpo Mahārāj re…murtimā…(6)

કૃપાળુ કેવળ કૃપા કરીને, શ્રીજી અમ શિરતાજ રે;

Krupāru kevar krupā kareene, Shreeji am shirtāj re,

મૂર્તિમાં રસબસ કીધા પ્રભુજી,

Murtimā rasbas keedhā prabhujee

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૭

Sukh āpo Mahārāj re…murtimā…(7)

અનાદિ જેવા કરવા સુખિયા, શ્રીજી અમ શિરતાજ રે;

Anādi jevā karvā sukhiyā, Shreeji am shirtāj re,

વિનવે દાસાનુદાસ પ્રભુજી,

Vinve Dāsānudās prabhujee,

સુખ આપો મહારાજ રે...મૂર્તિમાં...૮

Sukh āpo Mahārāj re…murtimā…(8)

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com